Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info… https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

# આઝાદી આંદોલનમાં દશેરીબહેન કાનજીભાઈ ચૌધરીનું યોગદાન

ડૉ. વૈશાલી આર. ચાવડા; ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ, Email : vrchavda93@gmail.com

**ટૂંકસાર**

ભારતનો સ્વાધીનતાનો ઇતિહાસ એ ખૂબ જ રસપ્રદ અને રોમાંચક છે. આ સ્વાધીનતા સંગ્રામ એ બલિદાન અને કુરબાનીનો ઇતિહાસ છે, કારણ કે આ ભારત દેશને આઝાદી અપાવવા માટે અનેક એવા પાયાના કાર્યકરો દ્વારા અનેક આંદોલનો કરવામાં આવ્યા હતા અને તે આંદોલનોના ફળસ્વરૂપ ભારત દેશ એ બ્રિટિશની જંજીરો તોડીને આઝાદ થયેલ. આ આઝાદી અપાવવામાં અનેક નાના-મોટા દેશનેતાઓએ પોતાનું આગવું યોગદાન આપેલું હતું પરંતુ તેમાં દુઃખદાયક એક બાબત એ  છે કે તેમાં ઘણા એવા દેશનેતાઓ નામાંકિત છે કે સૌ તેમને જાણે છે. પરંતુ અનેક એવા છૂપા પાયાના કાર્યકરો કે જેના વિશે ઘણા બધા લોકો અજાણ હોય છે. તો આવા જ ગુજરાતના એક બાહોશ કાર્યકર એવા આદિવાસી મહિલા દશેરીબહેન ચૌધરી જેણે બાળપણથી લઈ મૃત્યુ સુધી પોતાનું જીવન દેશસેવા અર્થે અર્પણ કરી નાખ્યું હતું. તેના વિશેની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.

કી-વર્ડ: સ્વાતંત્ર સેનાની, આઝાદી આંદોલન, દશેરીબહેન ચૌધરીનું યોગદાન

---

**પ્રસ્તાવના :**

ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ એ ખૂબ જ રસપ્રદ વિષય છે. ભારતના આઝાદી આંદોલનમાં અનેક એવી ઘટનાઓ ખૂબ જ યાદગીરીરૂપ બની શકે તેવી છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ભારત દેશને ગુલામીમાંથી મુક્ત કરાવવા માટે અનેક એવી મહાન વિભૂતિઓએ પોતાનું યોગદાન આપ્યું હતું. જેમાં ફક્ત પુરુષો જ નહીં પરંતુ અનેક એવી મહિલાઓએ પણ પોતાનો અવિસ્મરણીય કહી શકાય તેવો ફાળો આપ્યો છે. આ આઝાદી આંદોલન દરમિયાન ગુજરાતની અનેક બહેનોનું યોગદાન આગવું હતું. જેમાં ઘણી બધી નામી-અનામી બહેનોનો સમાવેશ થાય છે. જેમાં ઘણી બહેનો નામાંકીત છે જેના વિશે બધા જાણે જ છે પરંતુ ઘણી બહેનાના નામ એવા છે કે જેઓએ પડદા પાછળ રહીને પોતાનું

યોગદાન આપેલું છે. જેના વિશે લોકો જાણતા નથી અને જાણે છે તો ખૂબ જ ઓછી જાણે છે તેમના વિશે માહિતી પણ ઓછી જ મળે છે. તો આવા જ એક મહિલા જેઓએ પડદા પાછળ રહીને પોતાનું આગવું યોગદાન આપ્યું છે તે દશેરીબહેન કાનજીભાઈ ચૌધરી. જેના પ્રદાનની માહિતી નીચે મુજબ આપેલ છે.

## આઝાદી આંદોલનમાં દશેરીબહેન કાનજીભાઈ ચૌધરીએ આપેલ પ્રદાન

૩જી ઓક્ટોબર ૧૯૧૮ના રોજ પિતા કાનજીભાઈના ઘેર દશેરીબહેનનો જન્મ થયો હતો. તેમના ઘરનું વાતાવરણ સમાજસુધારક અને શિક્ષણ કેન્દ્રિત હતું. જેથી દેશસેવાના ગુણો તેમને બાળપણથી જ મળ્યા હતા. દશેરીબહેન આ વાતાવરણમાં મોટા આશ્રમો જુગતરામ દવે અને મીઠુબહેન પીટીટના નેતૃત્વ હેઠળ ખૂબ પ્રવૃત્તિશીલ હતા. જેમાં ખાદીપ્રચાર, કાંતણપ્રવૃત્તિ, રાષ્ટ્રીય શાળાઓનો સ્વીકાર, વિદેશી કાપડની હોળી, તાડીના વૃક્ષોનો નાશ, દારૂબંધીના કાર્યક્રમો ખૂબ જુસ્સાભેર ચાલતા તેથી નાનપણથી જ દશેરીબહેન આ પ્રવૃત્તિમાં જોડાયા હતા.

તેઓ સુરત જિલ્લાના વેડછી ગામના એક આદિવાસી મહિલા હતા. તેઓએ વેડછી આશ્રમમાં જ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓએ સાબરમતી જેલમાં કસ્તૂરબાને લખવા-વાંચવામાં મદદ કરેલી. તેમણે સમાજસેવિકા તરીકે રહીને સમાજના ઉમદા કાર્યો પ્રત્યે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમનું જીવન એકદમ સાદગીભર્યું હતું. પોતાના લગ્નપ્રસંગે પતિ-પત્ની બંનેએ એકબીજાને ખાદીની સૂતરની આંટી પહેરાવીને સાદાઈથી લગ્ન કર્યા હતા. આ સૂતરની આંટી પણ તેમના પોતાના હાથે કંતાયેલી હતી.

ઈ.સ.૧૯૨૨માં દેવીત આંદોલન ચાલ્યું હતું. જેમાં આદિવાસીઓમાં આ આંદોલને મોટું સ્વરૂપ લીધું હતું. ઘણા લોકોએ આ સુધારા ઝાલી લીધા દશેરીબહેન તથા ગામની અન્ય બહેનો ગામડાઓમાં સુધારો લાવવા તથા લોકોને સમજાવવા માટે ગામડે-ગામડે ફરતા. ભજનો તથા ઉપદેશોથી તેઓએ લોકોને સુધારા તરફ વાળ્યા. ઈ.સ.૧૯૨૪માં વેડછીમાં કાળી પરિષદ ભરાઈ. આ સમયે ગાંધીજી વેડછી આવ્યા હતા. ગાંધીજીએ લોકોને દારૂ-તાડીના વ્યસનમાંથી મુક્ત થઈ સન્માર્ગે વળવા અનુરોધ કર્યો અને ખાદી તથા સ્વાવલંબન કરવા જણાવ્યું હતું.

ઈ.સ.૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ સમયે દશેરીબહેનની ઉંમર દસ વર્ષની હતી. તેઓ આટલી નાની વયમાં પણ ઘણા જુસ્સાવાળા અને દેશપ્રેમી હતા. તેઓએ બહેનોની ટુકડી બનાવી શ્રી ચુનીભાઈ મહેતા સાથે બારડોલી સત્યાગ્રહ ચળવળની પત્રિકાઓ વહેંચી. આ ઉપરાંત સભા ભરી લોકોને સભામાં જોડાવવા માટે પ્રેર્યા તથા લોકોને મહેસૂલ નહી ભરવા માટે સમજાવતા. ગીતો, ભજનો, નાટકો, સભા પત્રિકા, પ્રભાતફેરી વગેરે કાર્યક્રમો દ્વારા તે લોકોને સમજાવતા અને આંદોલનને ઉગ્ર બનાવવા માટેના પ્રયાસો કરતા. ઈ.સ.૧૯૩૦ના દાંડીકૂચ સમયે દશેરીબહેન ચોથા ધોરણમાં ભણતા હતા. ગાંધીજીએ અંગ્રેજ સરકારના શિક્ષણનો બહિષ્કાર કરવાનું એલાન આપ્યું હોવાથી તેમણે શાળા છોડી. ત્યારબાદ તેઓએ માંડવી તાલુકાના પૂના ગામે રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ કર્યો. આ પૂર્વે કસ્તૂરબા, મીઠુબહેન પીટીટ, કલ્યાણજી કાકા વગેરે આ શાળામાં શિક્ષણકાર્ય કરતા હતા. આ દરમિયાન ગાંધીજીનો પત્ર આવ્યો કે શિક્ષણ કાર્ય પૂરૂ કરી આ વિદ્યાલયની બહેનો પ્રચાર કાર્યમાં જોડાશે. તેથી આ કાર્ય બાબતે દશેરીબહેન સક્રિય થયા. રાનીપરજ જાતિમાં જાગૃતિ લાવવાનું કામ તેમણે કર્યું.

ઈ.સ.૧૯૩૨-૩૩ દરમિયાન સવિનય કાનૂન ભંગની લડતમાં દશેરીબહેન તથા અન્ય બહેનો સ્વદેશી માલ વાપરવા અને વિદેશી માલનો બહિષ્કાર કરવાની સમજ લોકોને આપી પિકેટીંગ કરતા ત્યાં તેમની ધરપકડ થઈ અને બારડોલી જેલમાં લઈ જવામાં આવ્યા. ત્યાં કેસ ચાલ્યો અને પાછળથી તેમને જેલ મુક્ત કર્યા. એવી જ રીતે ૨૫ જાન્યુઆરી ૧૯૩૩ના રોજ સુરતમાં પરદેશી માલ બાબતે પિકેટીંગ કરતા અને ગાંધીજીની જય બોલાવતા હતા. ત્યાં વેપારીઓએ પોલીસ બોલાવીને પકડાવ્યા અને સરકારે તેમને સુરત જેલમાં રાખ્યાં. ત્યાં તેમણે એક વર્ષની સજા થઈ. આ સમયે દશેરીબહેન દેખાવમાં બધા કરતા નાના હતા. જેથી જમાદારે તેમને ઉપરના સંદર્ભમાં કેટલાક પ્રશ્નો જે નીચે મુજબ છે.

જમાદાર - તારુ ગામ કયું ?

દશેરીબહેન - ભારત

જમાદાર - તું શું કામ કરે છે ?

દશેરીબહેન - સરકારી કાયદા તોડવા, સત્યાગ્રહ કરી સ્વરાજ મેળવવાનું કામ કરું છું.

Vol. 05, Issue 01, January to March, 2023
ISSN (Online) No. 2582 – 046X
ANSH – JOURNAL OF HISTORY
A Peer Reviewed International Refereed Online Journal of History Subject
View More Info... https://ansh.ichrc.co.in/ Email : ansh.history@gmail.com

જમાદાર - તારી ઉંમર કેટલી ?

દશેરીબહેન - મને ખબર નથી. આદિવાસીઓ કોઈ દિવસ જન્મતારીખ રાખતા જ નથી.

જેથી પોલીસ ઉપરી દશેરીબહેનની વાત સાંભળી ગુસ્સાથી રાતાપીળા થઈ ગયા અને કહ્યું કે ‘અરે એ ! લડકી બહોત ખતરનાક હૈ ! ઈસકી ભી એક સાલ કી સજા લગાદો એમ કહી ને સૌને સાબરમતી જેલ અમદાવાદમાં મોકલી અપાયા.

ઈ.સ.૧૯૩૮ના હરિપુરા કોગ્રેસ અધિવેશનમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. કોંગ્રેસ માટે ફાળો ભેગા કર્યો હતો. શિક્ષકની નોકરીમાં તે જોડાયા અને નોકરી સાથે રાષ્ટ્રીય ચળવળની કામગીરી તેમણે ચાલુ રાખી. ઈ.સ.૧૯૪૨ના આંદોલનમાં પણ તે કાર્યરત રહ્યા. સભા ભરવી, સરઘસ કાઢવા, ગીતો ગાવા વગેરે કાર્યક્રમો કરતા એ સમયે બારડોલીમાં સરઘસ કાઢવામાં આવ્યું અને તે સરઘસ એક સભામાં ફેરવાઈ ગયું. જ્યારે લીમડા નીચે દશેરીબહેન ભાષણ કરતા ત્યાં લાઠીચાર્જ થયો. આ સમયે તેમના હાથમાં ધ્વજ હતો. ધ્વજ ફેરવવા માટે પોલીસે દમનનો કોરડો વીંઝયો હતો. દશેરીબહેન ધ્વજને પડવા ન દીધો અને વંદે માતરમ્ નો નારો બોલાવીને ધરપકડ વહોરી હતી. તેમને એક વર્ષની સજા કરવામાં આવી હતી. આ સમયે તેમનામાં સાદગી, નમ્રતા અને રાષ્ટ્રીય ભાવના જોવા મળતી હતી.

ગાંધીજી અને કસ્તૂરબાના અંગત જીવનમાં દશેરીબહેને સુવર્ણ અક્ષરે એક પાનુ લખ્યું. જેમાં કસ્તુરબા દશેરીબહેનની નજીક આવતા તેમને લખતા-વાંચતા જોઈ કસ્તૂર બા પણ તે કાર્ય કરવા પ્રેરાયા. કસ્તૂરબા એ તેમને લખતા વાંચતા શીખવાડવાનો આગ્રહ કર્યો. જેથી દશેરીબહેને ખુશી ખુશીથી બાને લખતા શીખવાડ્યું. જેથી કસ્તૂરબા ગાંધીજીને પત્રો લખતા થયા. ગાંધીજી આ બાબતે એટલા ખુશ થયા કે દશેરીબહેનની ખૂબ પ્રશંસા કરી અને કહ્યું કે “હું જે કામ ના કરી શક્યો તે કામ તેઓએ કરી બતાવ્યું.” ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમમાં રહેઠાણ દરમિયાન બાને શિક્ષણ આપવાનો પ્રયાસ કર્યો હતો પણ તેમને સફળતા મળી ન હતી.

આઝાદી બાદ દશેરીબહેનને ખાદીસંઘના પ્રમુખ બનાવ્યા હતા. ઘણા વર્ષો સુધી તેઓ આ પ્રવૃત્તિમાં જોડાયેલા હતા. ૯૦ વર્ષે પણ તેઓ કાર્યરત હતા.

## મૂલ્યાંકન

આમ ઉપરોક્ત જણાવ્યા અનુસાર દશેરીબહેન બાળપણથી જ રાષ્ટ્રપ્રેમના ગુણો ગળથૂંથીમાં મળેલા હતા. જેને અનુસરીને તેમણે બાળપણથી જ આઝાદી આંદોલનમાં સક્રિય રહેવાનું શરૂ કર્યું હતું. બારડોલી સત્યાગ્રહ, દાંડીકૂચ અને સવિનય કાનૂનભંગ, હરિપુરા કોગ્રેસ અધિવેશન, હિંદ છોડો વગેરે આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. આમ તેમણે પોતાનું સમગ્ર જીવન દેશને સમર્પિત કર્યું હતું. તેમનામાં સાદગીનું પ્રમાણ એટલું જોવા મળતું કે તેમના શરીર પર એકપણ ઘરેણું જોવા મળતું ન હતું. આ રીતે પોતાનું સમગ્ર જીવન દેશસેવા માટે અર્પણ કરનાર ધન્ય છે આ નારીને કોટી કોટી પ્રણામ…

## સંદર્ભગ્રંથ સૂચિ

૧. સૈયદ રફિકા સુલતાન, રાષ્ટ્રીય આંદોલનમાં ગુજરાતની મહિલાઓનું યોગદાન, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૯

૨. મહેતા શિરીન, દોશી ટીના, પ્રસાદ સંજય, સંગીતાસિંહ, ગુજરાતમાં નારીચેતના અને સામાજિક પરિવર્તનની ચળવળો, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૯

૩. મહેતા યશવંત, આઝાદી આંદોલનની વીરાંગનાઓ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્ર.આ.૧૯૯૭

૪. ચૌધરી ઈલા,સ્વાતંત્ર્ય સંગ્રામમાં દક્ષિણ ગુજરાતની મહિલાઓનું યોગદાન (ઈ.સ.૧૯૨૦ થી ૧૯૪૭) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, પ્ર.આ.૨૦૦૨

૫. સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ ભાગ-3, વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન), પ્ર.આ.૨૦૦૯